## જન્મદિને વધામણી

શિવાંશ સંદિપભાઈ વ્યાસ

શુભમ વાસુદેવ ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨

યોગેશ પ્રતાપરાય ત્રિવેદી
નાટ્ય-ફિલ્મ કલાકાર

### "ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિદ્યાલય સંચાલિત ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત એન. એસ. એસ. વિભાગ દ્વારા વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા રેલી એમ ત્રિવિધ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓ અને કર્મચારી ગણ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ કેમ્પસ અને નગર સફાઈ તથા સ્વચ્છતાની જાગૃતિ અર્થે સ્વચ્છતા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે કાર્યક્રમમાં પ્રિ.ડૉ.અમૃતા પી.પટેલ, વાઈસ પ્રિ. ડૉ.પ્રણવ જોષીપુરા અને સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફીસર ડૉ. એન. ડી. દવેએ કર્યું હતું.

### વાહ રે પ્રમાણિકતા

ઘણી વખત ઠેરઠેર ચર્ચાઓ સાંભળવા મળે છે કે આજકાલ પ્રમાણિકતા રહી નથી લોકોને લોકો પરથી વિશ્વાસ ઊઠી ગયો છે. આ તમામ ઘટનાઓને ખોટી પાડતો એક કિસ્સો તાજેતરમાં બનવા પામ્યો છે. બનાવની વિગત એવી છે કે સેક્ટર ૬માં રહેતા અને સરકારી કોમર્સ કોલેજ માં અભ્યાસ કરતા કુણાલ પટેલ સેક્ટર - ૬ ચંદ્રમૌલેશ્વર મહાદેવ થી દર્શન કરીને આવતા હતા ત્યાં રસ્તામાં તેમણે એક ઘરપાસેએક સ્કૂટરમાં મોબાઈલ લટકાવેલો જોઈ તુરત જ તે ઘરના માલિકને વાત કરી અને કહ્યું તમારો મોબાઈલ ની બહાર કેમ છે તો ઘરના માલિકે કહ્યું અમારો મોબાઈલ હોય જ નહિ એ તો ખાલી કવર લટકે છે કુણાલભાઈ કહ્યું ખરેખર મોબાઈલ જશે અને તેમણે મોબાઈલ કાઢી અને મકાનમાલિક ના હાથમાં સોંપ્યો ત્યારે મકાનમાલિકને સમજાયું નહીં કે આ વ્યક્તિને શું કહેવું પરંતુ છેવટે તેમનો આભાર માન્યો. આખી ઘટના પરથી એમ થાય છે કે આજના યુવાનો ચોરી અને મોબાઈલના રવાડે ચડ્યા છે તે સમય આવા કુણાલભાઈ પટેલ જેવા વિદ્યાર્થી ૧૫ હજારની કિંમતના મોબાઈલને તુચ્છ ગણીને પ્રમાણિકતાનું જીવન ઉદાહરણ આપ્યું છે. સલામ છે કુણાલભાઈની પ્રામાણિકતાને અને તેમના પરિવારના સંસ્કારોને.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે

# ઍમકૉમ માટે તજ્જ્ઞ વ્યાખ્યાન યોજાયું

**પ્રૉ. ડૉ. દેબીના ઉપાધ્યાય દ્વારા ઍમકૉમ પાર્ટ-૧ના વિદ્યાર્થીઓને ગાણીતિય રીતોની જાણકારી 'સુરેખ આયોજન'ના માધ્યમથી સરળતાથી સમજાવવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૮ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે ઍમકૉમ પાર્ટ-૧ના વિદ્યાર્થીઓ માટે તજ્જ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રૉ. ડૉ. દેબીના ઉપાધ્યાય દ્વારા ગાણીતિય રીતોની જાણકારી 'સુરેખ આયોજન'ના માધ્યમથી સરળતાથી સમજાવવામાં આવી હતી. પ્રૉ. ઉપાધ્યાય છેલ્લાં ૧૦ વર્ષથી અમદાવાદની પ્રતિષ્ઠિત શ્રી ચીમનભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમૅન્ટ ઍન્ડ રિસર્ચ ખાતે ફરજરત છે. આ વ્યાખ્યાનનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ પ્રા. સમીર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરકારી વિનયન કૉલેજ ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઈ

સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ૭૨મા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હિંમત ભાલોડીયા દ્વારા ધ્વજ-વંદન કરવામાં આવ્યું હતું. કોલેજના તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત કોલેજના એન.સી.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરવામાં આવી હતી, એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓએ કોલેજમાં સફાઈ અભિયાન હાથ ધર્યું હતું.

કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ દ્વારા

# 'ઍપોકેલિપ્સ - ૨૦૧૮' ઈવેન્ટ સંપન્ન

**પ્લે પ્રેઝન્ટ ટોક, હોલ્ડ એન્ડ ઈન્ટરેક્ટ, મેક મેનિયા, ફાર્મા શેફ, રેડીસેટ કેપ્ચર, કેક ધ કેસ, વર્ડ વોર, મીનિટ ટુ વિન ઈટ તથા સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું**

ગાંધીનગર, તા. ૧૮ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર ખાતે બે દિસીય ઈવેન્ટ 'ઍપોકેલિપ્સ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈવેન્ટના પ્રથમ દિવસે ગુજરાતભરની ફાર્મસી કૉલેજમાંથી કુલ ૫૬૬ રજિસ્ટ્રેશન થયાં હતાં. ઉદ્ઘાટન સવારે ૮.૪૦ કલાકે બ્રહ્માણીકૃપા ઑડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે સિન્કોમના એમડી ડૉ. શિવપ્રકાશ, એલ એમ ફાર્મસી કૉલેજના પ્રૉફેસર ડૉ. ગૌરાંગ શાહ અને કાર્યક્રમના પ્રમુખસ્થાને કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ડિરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રથમ દિવસે પ્લે પ્રેઝન્ટ ટોક, હોલ્ડ એન્ડ ઈન્ટરેક્ટ, મેક મેનિયા, ફાર્મા શેફ, રેડીસેટ કેપ્ચર, કેક ધ કેસ, વર્ડ વોર, મીનિટ ટુ વિન ઈટ તથા સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બીજા દિવસે સવારે ૯ વાગ્યાથી વૉક ઈન પારલે, બ્રેઈન બૉક્સ, દિખેગા વો બિકેગા, મેદાન એ જંગ જેવી ઈવેન્ટ યોજવામાં આવી હતી. આ ઈવેન્ટના અંતે ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને વિજેતાઓને ટ્રૉફી એનાયત કરવામાં આવી હતી.

# સ્કૂલ ઑફ અચિવર ખાતે સ્વતંત્રતા દિવસ ઉજવાયો

સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે દેશભાવનાના વાતાવરણમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધ્વજવંદનના કાર્યક્રમમાં શિક્ષકગણ અને વિદ્યાર્થીઓની રાષ્ટ્રભાવના તાદેશ બની હતી. ઉજવણી પૂર્ણ થયા બાદ બીજા તબક્કામાં શિક્ષકો અને સ્ટાફ દ્વારા દેશભક્તિથી ઓતપ્રોત કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળામાં હર્ષોલ્લાસ અને દેશપ્રેમનું વાતાવરણ જળવાઈ રહ્યું હતું.

# ઍસ વી ઈંગ્લિશ મીડિયમ પ્રિસ્કૂલ ખાતે ક્રાઉન મેકિંગ ડે ઉજવાયો

એસ વી ઈંગ્લિશ મીડિયમ પ્રિસ્કૂલમાં શનિવારે ક્રાઉન મેકિંગ ડે ઉજવવામાં આવ્યો હતો. શિક્ષકોએ બાળકો સાથે મળીને ટીકી, સ્ટોન, કલર પેપર વગેરેનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારના ક્રાઉન બનાવ્યા હતા. શિક્ષકોએ ક્રાફ્ટના વિવિધ મટીરિયલ, કલર, આકાર વિશે બાળકોને માહિતગાર કર્યા હતાં. વાલીઓએ પણ પોતે બનાવેલા ક્રાઉન બાળકો સાથે મોકલાવ્યા હતા. પ્રવૃત્તિનું આયોજન આચાર્ય પ્રજ્ઞા દર્પણ બુચના માર્ગદર્શન હેઠળ શિક્ષક ખુશ્બુ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઍસ. કે. પટેલ સ્કૂલમાં 'પામ પ્રિટિંગ' કાર્યક્રમ

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં 'પામ પ્રિટિંગ કાર્યક્રમ' ઉજવાયો હતો. બાળકો અને શિક્ષિકાઓએ ભેગા મળીને આ કાર્યક્રમની ઉજવણી કરી હતી. આ દિવસે બાળકોએ પોતાના પામ થી 'પીકોક અને હેન' બનાવ્યાં હતાં.

# ગાંધીનગર યુથ હૉસ્ટેલ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી

૭૨મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૬ ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ તથા દેશભક્તિ ગીતગુંજનનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સરકારી વિજ્ઞાન કૉલેજના આચાર્ય ડૉ. કે જી છાયા, નહેરૂ યુવા કેન્દ્ર સંગઠનના નિયામક અનિલ કુમાર કૌશિકિ, નિવૃત્ત સમાજ સુરક્ષા નિયામક પંકજભાઈ ઠાકર, નહેરૂ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, યુવા કાર્યકર બ્રજેશ પટેલ, અંજલી પટેલ, ઋષિકેશ માંડલિયા અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડનું ગૌરવ

# સ્કાઉટ ગાઈડ વિશ્વ સંમેલન માટે યુવરાજસિંહ વાઘેલાની પસંદગી

**વર્લ્ડ સ્કાઉટ જામ્બોરી નોર્થ અમેરિકા ખાતે યોજાઈ રહી છે, જેમાં યુવરાજસિંહ ભારત સ્કાઉટ ગાઈડ સંઘ વતી ભાગ લેશે**

ગાંધીનગર, તા. ૧૭

વિશ્વવ્યાપી એવી સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિનું વિશ્વ સંમેલન જામ્બોરી તરીકે ઓળખાય છે. આગામી વર્લ્ડ સ્કાઉટ જામ્બોરી નોર્થ અમેરિકા ખાતે યોજાઈ રહી છે, જેમાં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, ગાંધીનગરના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાની ભારત સ્કાઉટ ગાઈડ સંઘ વતી પસંદગી કરવામાં આવી છે.

યુવરાજસિંહ વાઘેલા હાલ ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘમાં મુખ્ય કમિશનર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. ચીફ કમિશનર રતિભાઈ જોષી, કમિશનર ગાઈડ દેવેન્દ્રકુમારી રાઓલ, મહામંત્રી અંજનાબેન ચૌધરી, ઉપપ્રમુખ રાજુભાઈ રબારી, સતીષભાઈ પટેલ, હસમુખભાઈ પ્રજાપતિ, એકતા સિંઘ, જયશ્રીબેન પટેલ, મિનેશ મેકવાન, બળદેવભાઈ પટેલ, સ્કાઉટ પ્રતિનિધિ કમલેશ રાવલ, ગાઈડર પ્રતિનિધિ હેતલબેન દેસાઈએ યુવરાજસિંહ વાઘેલાને જામ્બોરીમાં ભાગીદારી માટે અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

ઉલ્લેખનીય છે કે આ ૨૪મી જામ્બોરીમાં વિશ્વના લગભગ બધા જ દેશોના સ્કાઉટર અને ગાઈડર ભાગ લઈ રહ્યા છે. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ બાળકો તથા નાગરિકોના ચારિત્ર્યઘડતર સાથે દેશપ્રેમ, નિઃસ્વાર્થ સેવાભાવના અને સંસ્કાર સિંચન કરતી દૈવી પ્રવૃત્તિ છે.

### સંસ્કાર ગ્રૂપ દ્વારા આજે પ્રતિભાશાળી યુવાન સાથે વાર્તાલાપનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

બાળકોના વિકાસ માટે રત સંસ્થા સંસ્કાર ગ્રૂપ દ્વારા રવિવારે નગરના પ્રતિભાશાળી યુવાન સાથે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગ્રૂપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે તા. ૧૯ ઑગષ્ટના રોજ જાહેર ઉદ્યાન, સૅક્ટર-૭ ખાતે સાંજે ૬.૧૫થી ૭.૩૦ દરમિયાન સંસ્થાની નિયમિત બેઠક યોજાશે. બેઠકમાં સૌપ્રથમ ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી બાજપેયીને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ નગરના રહેવાસી યુવાન અને હાલ દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદના આસી. ડિરેક્ટર ઉત્સવ પરમાર સાથે વાર્તાલાપ યોજવામાં આવશે.

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાનાં ૨૦ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દેશભક્તિને ઉજાગર કરતાં સુંદર ગીતો પ્રસ્તુત કર્યા હતાં.

સ્મિત એસ પટેલ પ્રથમ, રાજ એસ વઢેર દ્વિતિય અને નિશિત કે પટેલે તૃતિય વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનારા તથા સફળતા પ્રાપ્ત કરનારા તમામ વિદ્યાર્થીઓને અને માર્ગદર્શક શિક્ષકોને શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.